

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લ્યો! શ્રેષ્ઠ છીએ - 'બીજે કેવાં હશે!' કલ્પના તો કરો!*
*'સ્વચ્છતા'ના ધોરણ-કેવાં હશે! કલ્પના તો કરો!*
*વડાને ખૂશ રાખવા થાય છે કેવાં કરતૂત !!*
*સમયા જાય છે કેટલી હદે ! કલ્પના તો કરો !!*
*(સ્વચ્છતામાં 'ગુજરાત' ના ચાર શહેર)*

હાઈકુ

*છીએ સ્વર્ગમાં -*
*શ્રેષ્ઠ નંબર વન -*
*કરો કલ્પના...*
*('પોઝીટીવ' થીકીંગ)*

*ઉત્તમ કાર્યે -*
*'કોરોના' કેવો હોય?!*
*ભૂલાઈ જશે...*
*(સરકારના પ્રયાસોથી...)*

### ચિંતન

**આતુરે વ્યસને પ્રાપ્તે દુર્ભિક્ષે શત્રુ-સંકટે ।**
**રાજદ્વારે સ્મશાને ચ યસ્તિષ્ઠતિ સ બાન્ધવઃ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદલલિમાથી લેવામાં આવેલ છે.

કોઈ રોગથી પીડિત થવા પર, દુઃખ આવવા પર, દુકાળ આવવા પર, શત્રુ દ્વારા સંકટ આવવા પર, રાજયસભમાં તથા સ્મશાન અથવા કોઈની મૃત્યુના સમય પરજે વ્યક્તિ સાથ નથી છોડતો તે વાસ્તવમાં સાચો બંધુ કહેવાય છે.

કોઈ પણ વિપત્તિમાં સહાયક બનીને રહેનાર વ્યક્તિ સાચો બંધુ કહેવાય છે. સંસારનો નિયમ છે કે જે બીજાની સહાયતા કરે છે તેને જ સયમ આવવા પર સહાયતા મળે છે.

### સુવિચાર

- સંબંધ અને તાપમાન કયારેય સરખા નથી રહેતા, મતલબ મુજબ પારો ચઢતો ઉતરતો હોય છે - **હીના કુલાલ**
- અંગત કૌણ ? જે તમારું મૌન સમજી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- કાગડો કોયલના અવાજને દબાવી શકે પણ પોતાનો અવાજ મધુર ન બનાવી શકે, નિંદા કરનારી વ્યક્તિ સજ્જનને બદનામ કરી શકે પણ પોતે સજ્જન ન બની શકે - **અખંડ આનંદ**
- સવારે ચાલવા જવું, અને દિવસ ભર ચલાવી લેવું એ સુખી અને તંદુરસ્ત જીવનની નિશાની છે - **મનોહર દવે**
- એવા લોકો સાથે રહેવું બહેતર છે, જે તમને જોઈને નહીં જાણીને પસંદ કરે છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- વિરોધ કરવાની જબરદસ્ત રીત છે વૃક્ષો પાસે, કુંપળ ત્યાંથી જ ફૂટશે જયાંથી એને કાપવામાં આવી હતી : **શરીફા વિજળીવાળા**
- આજનું ઔષધ : મેથીના દાણાનો પાઉડર બનાવી તેમાં નારિયેળનું તેલ ઉમેરી તે પેસ્ટ માથામાં લગાડવાથી વાઓળનો ગ્રોથ થાય છે અને ખોડો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિત્તેર મે વરષે પણ વિશ્વવિખ્યાત શિલ્પી એક અદ્‌ભૂત શિલ્પનું સર્જન કરી રહ્યા હતા. પત્નીએ કહ્યું, 'તમે લગીરે વિશ્રામ કરતા નથી, હજી કયાં સુધી આવા ઉજાગરા કરીને કામ કર્યા કરશો?' શિલ્પીએ કહ્યું, 'સર્વોત્તમ શિલ્પ બનાવવા માટે સખત પરિશ્રમ કરવો પડે.' પત્નીએ કહ્યું, 'તમે કીર્તિ તો કમાઈ લીધી છે. વિશ્વના શ્રેષ્ઠ શિલ્પીઓમાં તમારું નામ છે. હવે તમારે કોની સાથે સ્પર્ધા કરવાની છે? હવે તો આરામથી જીવો અને મોજ કરો.' પતિએ કહ્યું,'મેં કદીયે કીર્તિ માટે કામ કર્યું નથી. નવી કલાકૃતિઓ સર્જવી એ મારું કર્તવ્ય છે. પ્રભુએ મને કલાકૌશલ્યની બક્ષિસ ઉદાર હાથે આપી છે. હું તેનો સદુપયોગ ન કરું તો પ્રભુનો અપરાધી ગણાઉં.' પતિએ આગળ સમજાવતા કહ્યું, 'આ શિલ્પકાર્ય હું કૂર્તિ માટે નથી કરતો. મારા અંતરાત્માને પ્રસન્ન કરવા માટે કરું છું. મારા મનનાં આનંદ માટે કામ કરવામાં કદી થાક નથી લાગતો. તમે મને વિશ્વવિખ્યાત શિલ્પીઓમાં ગણો છો, તે તમારી ભૂલ છે. આ સંસારમાં મનેય ટક્કર મારે એવા કલાકારો, મુલ્યવાન રત્નો ખૂણે ખૂણે પડ્યાં છે. મને ચમકવાની તક પ્રભુએ આપી તેથી હું શ્રેષ્ઠ શિલ્પી થઈ ગયો એમ કહેવાય નહીં. હજી તો મારે શિલ્પકલામાં ઘણું શીખવાનું બાકી છે. ભગવાનના ઘરનું તેડું આવે તે પહેલાં મારે સર્વોત્તમ શિલ્પ વિશ્વને ચરણે ધરવાનું બાકી છે.' પતિની વાણી સાંભળી પત્નીના હૈયામાં હરખની હેલી વરસી. અને આ શિલ્પી હતા 'માઈકલ એન્જેલો.'

# મેઘમહેર મેઘતાંડવ બની રહી છે

**તંત્રીસ્થાનેથી...**

કયારેક વધુ પડતી મહેર જ કહેરમાં પરિવર્તિત થઈ જતી હોય છે. કોરોનાના કહેર વચ્ચે મેઘરાજાની મહેર શાતાદાયક લાગતી હતી પરંતુ મેઘો તો મંડ્યો છે એ મંડ્યો છે. ગુજરાત માટે જરૂરી હતું એટલું વરસી લીધા પછી પણ થંભવાનું નામ નથી લેતો. આવાં ભારે વરસાદનાં વરસ અગાઉ પણ આવેલાં છે, ત્યારે જે વિનાશ વેરાયેલો તેની સ્મૃતિ પણ કાળજું કંપાવી દે એવી છે. ૧૯૭૩નું સાબરમતીનું ઘોડાપૂર અમદાવાદમાં નદી કિનારાની ગિરનાર સોસાયટીને તાણી ગઈ હતી. ખેતી માટે વરસાદ ખૂબ જ જરૂરી છે એમ પીવાના પાણી માટે આખરે તો આપણે જ નહીં, આખી દુનિયા વરસાદ પર અને જયાં વરસાદ પડતો જ નથી અથવા સાવ ઓછો પડે છે ત્યાં દરિયા પર આધાર રાખે છે વરસાદ પડે તો આપણી નદીઓ પર બંધાયેલા ડેમ ભરાય; એ ડેમ આપણા ખેતરો જ નહીં, પાણિયારાંને પણ તરબતર રાખે છે. આપણા ગુજરાતની જ વાત કરીએ તો નર્મદા સાચા અર્થમાં ગુજરાતની પરબ બની રહી છે. એ સિંચાઈ માટે તો પાણીનો પુરવઠો પૂરો પાડે જ છે, સાથે જ શહેરો અને ગામડાં સુધ્ધાંને પેય જળ પૂરું પાડે છે. ધરોઈ ડેમ પણ એ જ રીતે ઉત્તર ગુજરાત અને અમદાવાદની પરબ બની રહેલ છે. વખતનું ચોમાસું જયાં બહુ જ ઓછો વરસાદ પડતો એવા કચ્છ માટે આશીર્વાદરુપ નીવડ્યું છે. કચ્છનું સફેદ રણ સમુદ્રમાં ફેરવાઈ ગયુ છે. ગુજરાતના અપેક્ષિત વરસાદ કરતાં વધુ એટલે કે ૧૦૩ ટકા વરસાદ ગણપતિ બાપાના પર્વ સુધીમાં વરસી ચૂક્યો છે. ભાદરવો મન મૂકીને ગરજ્યો છે અને વરસ્યો છે ત્યાં બેશૂમાર વરસ્યો છે. જાણે આભ ફાટ્યું હોય એમ કેટલાક ઠેકાણે કલાકમાં દસ-બાર ઈંચ પાણી પડ્યુ છે. એથી સ્વાભાવિક રીતે જ વરસાદી પાણીના નિકાલની સમસ્યા પણ સરજાઈ છે. મુંબઈમાં કેટલાક વિસ્તારો તો દર વરષે વરસાદમાં પાણી ઘરમાં ઘૂસવાની પીડાથી ટેવાઈ ગયા છે. ગુજરાતમાં પણ ઘણાં વિસ્તારોમાંથી રહેણાક વસતિનું સમય પૂરતું સ્થળાંતર કરવું પડ્યું છે. કોરોનાના કેસ સતત ચાલુ જ રહ્યા છે અને બીજી તરફ મેઘરાજાનો માર પડી રહ્યો છે. ખેડૂતોના પાક 'બોળે' ગયા છે - અર્થાત્ જે લીલીછમ્મ ફસલ ખેડૂતની આંખોમાં ઠંડક પ્રેરતી હતી તે વરસાદના વધુ પડતા મારથી કોહવાઈ રહી છે. આ નુકશાનની ભરપાઈ ભાગ્ય જ કોઈ સરકાર કરી શખે. હવે તો ખેતી પણ મોંઘીદાટ બની ગઈ છે. મોંઘા બિયારણ, મોંઘી જંતુનાશક દવાઓ, મોંઘુ ખાતર, અગાઉ એક કહેવત હતી : 'ખેડ, ખાતર ને પાણી, નસીબને લાવે તાણી'. પરંતુ અતિવૃષ્ટિ થાય ત્યારે એ જ પાણી ખેડ, ખાતર અને નસીબ - ત્રણેયને તાણી જાય છે, એનો વસમો અનુભવ સવિશેષ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોના ખેડૂતોને થઈ રહ્યો છે. એ સરકાર સામે રાવ ફરિયાદ જરૂર કરે છે અને સરકાર એમને આશ્વાસન પણ આપતી રહે છે, પરંતુ નીવડ્યે વખાણ. અતિવૃષ્ટિ ઘણા કમનસીબોના આકસ્મિત મોતનું કારણ પણ બને છે. ઘણાં તો વધુ પડતા આત્મવિશ્વાસને કારણે જીવ ગુમાવે છે. ગુજકેટની પરીક્ષા અપાવવા દીકરાને બાઈક પર બેસાડી હળવદ જવા નીકળેલા પિતાને વચ્ચે આવકો વોંકળો ટપી જવાશે એવો આત્મવિશ્વાસ ભારે પડી ગયો. બાઈક વોંકળામાં નાખ્યું, એ તણાયું, દીકરો તણાવા લાગ્યો અને બચાવવા બાપે વોંકળામાં પડતું મૂક્યું. બેઉએ જીવ ખોયો. કેવી કરુણાંતિકા ! પ્રકૃતિ દયાળું પણ છે અને કયારેક અજાણતાં જ એ ક્રૂર પણ બની જાય છે. અંગ્રેજીમાં કહેવત છે : નેચર ઈઝ બ્લાઈન્ડ!

# દાદીમાના હોઠ પર હજાર દીવડાઓના ઝળહળાટ જેટલું સ્મિત છલકાઈ આવ્યું



**નવાં કલેવર**

નટવર હેડાઉ

અનલોક-૩ પછી બજારો અને ઓફિસો ખુલી ગઈ, તે સાથે હોટલોને પણ કોરોના સંક્રમણનું ધ્યાન રાખી સરકારના નિયમોના પાલન સાથે ખોલાઈ હતી ત્યારથી બહારનું ખાવાના ચટુકડા શોખીનોની જીભ લબકારા લેવા લાગી હતી. પરંતુ બીજી તરફ કોરોનાના પોઝીટીવ કેસોનું પ્રમાણ અંદરથી ભય ઉત્પન્ન કરતું હતું.

ઘરમાં સ્મિત, કૃણાલ, કિરણ અને ટ્વિન્કલ તો ક્યારના હોટલમાં પીત્ઝા, સાઉથ ઈન્ડિયન, ચાઈનીઝના ચટકારા લેવા તલપાપડ થયાં હતાં. તે સાથે દાદી પણ દૂર બેઠાં તેમની વાતો સાંભળી મનમાં કંઈક વિચારતા હતા. તે જોઈ કૃણાલે કહ્યું, 'બા, તમારે અમારી સાથે હોટલમાં જમવા આવવું છે?' દાદીમાં હસ્યાં, 'હાં કેમ નહીં, મેં પણ બહારનું ખાદ્યા ને ચાર મહિના થઈ ગયા છે.'

'ના, પમ બાને ન લઈ જવાય. દશ વર્ષથી નીચેના બાળકો અને વૃદ્ધોને માટે મનાઈ છે.' સ્મિતે કહ્યું.

'કદાચ બાને લઈ તો જઈએ પણ આ વખતે આપણે ચાર જણ સાથે પાંચનો ખર્ચ કેટલો થાય. ગયા વખતે આપણે ચાર ગયેલા તેનો ડિનરનો ખર્ચ કેટલો થયેલો તે ખબર છે.' ટ્વિન્કલ બોલી.

'હાં, લગભગ અઢારસો જેટલું બીલ આવેલું, આપણી પાસે અત્યારે એટલા રૂપિયા કયાં છે?' કિરણે કહ્યું.

'મારી પાસે પોકેટ મનીમાંથી થોડી રકમ બચી છે.' ટ્વિન્કલે કહ્યું....

'એમ તો હું પણ કંઈક જુગાડ કરીશ?' કૃણાલ બોલ્યો. ચારે મળીને નક્કી કર્યું કે આ વખતે દાદીમાને લઈ જઈશું. પણ આ વખતે મોંઘી પનીરની સબ્જીની જગ્યા એ મિક્સ વૈજ મંગાવીશું. અને આઈસ્ક્રીમ પણ નહીં ખાઈએ...

સ્મિત, કૃણાલ, કિરણ અને ટ્વિન્કલ દાદીમાં પાસે ગયાં. 'બા, આ રવિવારે લંબ બહાર કરીશું, તમે આવશો ને...' દાદીમાંએ ખુશ થતાં કહ્યું, 'મને સાથે લઈ જશો?'

'હાં, બા?' ચારે એક સાથે બોલ્યા.

રવિવારે દાદીમાં સવા સવારથી ખુશ હતાં. આજે તેમણે તેમની પાસેની સારામાં સારી સાડી હતી તે પહેરી હતી. સહેજ હલકો મેકઅપ કર્યો અને વાળને સરસ રીતે ઓળ્યા. આંખે સોનેરી ફ્રેમવાળા ચશ્મા લગાવ્યા. આ ચશ્મા તેમનો નાનો દીકરો બનાવડાવીને આપી ગયો હતો, જયારે તે કેનેડાથી આવ્યો ત્યારે. પરંતુ તેઓ એ પહેરતાં ન હતા. 'આટલી સુંદર ફ્રેમ છે. પહેરીશ તો જૂની થઈ જશે.' આજે દાદીમાં અરીસામાં પોતાને અલગ અલગ એંગલથી કેટલીયે વાર જોઈ ચૂક્યાં હતા. તેમને આજે સંતોષ હતો.

છોકરાઓ દાદીમાંને બોલાવવા આવ્યા ત્યારે ટ્વિન્કલ બોલી, 'અરે વાહ, બા, આજ તો તમે બહુ ક્યુટ લાગો છો.' કિરણે કહ્યું, 'આજ તો બા એ ગોલ્ડન ફ્રેમવાળા ચશ્મા પહેર્યા છે.'

હોટલમાં સેન્ટ્રલ ટેબલ પર પાંચે બેસી ગયાં. થોડીવારમાં વેઈટર આવ્યો અને બોલ્યો, 'ઓર્ડર પ્લીઝ' કૃણાલ બોલવા જતો જ હતો પણ દાદી બોલ્યા, 'આજ ઓર્ડર હું આપીશ. કેમ કે આજની સ્પેશિયલ ગેસ્ટ હું છું.' દાદીમાંએ લખાવ્યું, 'દાલ મખની, કઢાઈ પનીર, મલાઈ કોફતા,રાયતું અને વેજીટેબલ સલાડ, પાપડ, બટરવાળા નાન અને મિસ્સી રોટી, અને તે પહેલાં પાંચ સૂચ પણ જોઈશે હોં...'

ચારે છોકરાઓ એક બીજાના મોં સામે જોઈ રહ્યા. થોડીવારમાં જમવાનું ટેબલ પર પીરસાઈ ગયું. જમવાનું બહુ ટેસ્ટી હતું. તેઓ ખાઈ રહેવા આવ્યાં ત્યાં તો વેઈટર ફરી આવ્યો. 'ડેઝર્ટમાં કઈ લાવું સર?'

દાદીમાં બોલ્યાં, 'હા, પાંચ કપ આઈસ્કીમ, ચારે જુવાનીયાઓની હાલત ખરાબ, હવે શું થશે? દાદીમાં ને ના પણ પાડી ન શકાય. પહેલાં પહેલા આપણી સાથે આવ્યાં છે. બિલ આવ્યું.' કિરણ હાથ લંબાવે તે પહેલાં દાદીમાં એ બીલ લઈ લીધું. અને બોલ્યા, 'આજનું પેમેન્ટ હું કરીશ.' ચારે જણને પોતાની તરફ આશ્ચર્યથી જોઈ રહેલાં દાદીમાં બોલ્યા, 'બેટા, મારે તમારા પર્સની નહીં, તમારા સમયની જરૂર છે. તમારી કંપનીની જરૂર છે. હું આખો દિવસ મારા રુમમાં એકલી પડી પડી બોર થઈ જાઉં છું. બોલો છોકરાઓ, શું તમે તમારો થોડો થોડો સમય મને આપશો.' કહેતાં કહેતાં દાદીમાંનો સ્વર આર્દ બની ગયો.

ટ્વિન્કલ પોતાની ચેરમાંથી ઊભી થઈ, તેણે દાદીમાંને બથ ભરી લીધી અને પછી દાદીમાંને ગાલે કીસ કરતાં બોલી, 'મારાં વ્હાલાં દાદી જરૂર.' કિરણે પણ ક્હયું, યસ, બા, અમે પ્રોમિસ કરીએ છીએ.

દાદીમાંના હોઠ પર હજાર દીવડાઓના ઝળહળાટ જેટલું સ્મિત છલકાઈ આવ્યું. આંખોમાં ફ્લેશ લાઈટની ચમક આવી ગઈ. અને ચહેરા પર કરચલીયો નૃત્ય કરી રહી હોય તેવું એ અનુભવવા લાગ્યાં. બીલ ચૂકવ્યું.

ટ્વિન્કલ દાદીમાંની નજીક આવી તેણે પાંચેની ભેગી સેલ્ફી લીધી.

હોટલનાં કાઉન્ટર પરનો માણસ જોઈ રહ્યો. સોશિયલ ડિસ્ટન્સ જળવાતું ન હતું. પણ શું થાય ? તેમે પોતાનું માસ્ક સરખું કર્યું આ જોઈ પાંચે જણાએ પણ પોતાનાં માસ્ક ધારણ કરી લીધાં અને બહાર નીકળ્યાં.

# શું ખબર, કાટમાળમાંથી પણ કોઈ નવા જેવા જ જૂના સંબંધો મળી જાય



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

સન ૧૯૭૦-૮૦ નાં દાયકાની હિન્દી ફિલ્મો ઉપર આપણે એક દ્રષ્ટીપાત કરીએ તો એક વાત ઉડીને આંખે વળગે એવી છે. એ દાયકાઓની મોટાભાગની ફિલ્મોમાં એવી ઘટના બનતી કે ફિલ્મના મુખ્ય પાત્રોને ક્યાંક અચાનક જૂના મિત્રો, સ્નેહીઓ કે વર્ષો પહેલા વિખૂટા પડી ગયેલા માં-બાપ, ભાઈ-બહેન મળી જાય. અકસ્માતે જ મળી ગયેલા જૂના સ્નેહીઓ-સંબંધીઓ થકી ફિલ્મનાં એ પાત્રોની જિંદગી ખુશહાલ બની જતી અને જિંદગી જીવવાની કઈંક ઓર મજા આવી જતી. ઘણી ફિલ્મોમાં આ પ્રકારના પ્રસંગથી ફિલ્મનો સુખાંત પણ થતો.

એ તો બધી ફિલ્મોમાં બનતી ઘટનાઓ વાસ્તવિક જીવનમાં પણ આજે આ પ્રકારની ઘટનાઓ ક્યારેક ક્યારેક બનતી રહે છે. આજે આપણે વ્હોટસેપ, ફેસબુક, ટિવટર કે અન્ય સોસિયલ મીડિયા દ્વારા આપણાં ધણા જૂના સંબંધીઓ, મિત્રોને શોધતા રહીએ છીએ. જ્યારે જ્યારે એ જૂના સંબંધીઓ કે મિત્રો આપણને મળી જાય છે ત્યારે જૂના સંબંધો તો તાજા થાય જ છે પણ સાથેસાથે આપણી જિંદગીમાં પણ એક પ્રકારનો અનેરો આનંદ છવાઈ જાય છે.

જૂના સંબંધીઓ કે મિત્રોને શોધતા રહેવાનો આ પ્રકારનો સિલસિલો કઈ નવો નથી. એવું નથી કે સોસિયલ મીડિયા આવ્યું પછી જ એ શક્ય બન્યું છે. જૂના સંબંધોને ખોળવાનો અને એ સંબંધોને સતત તાજા કરતાં રહેવાનો સિલસિલો બહુ જૂનો છે. હા, એટલું ખરું કે તેનાં સ્રોત બદલાયા છે. તેનાં સ્રોતનો વિકાસ અને વિસ્તાર થયો છે. સંબંધીઓને ઓળખવાની રીત બદલાઈ છે, પધ્ધતિ બદલાઈ છે. સંબંધીઓને શોધવાની ઝડપ પણ વધી છે પણ જૂના સંબંધોને ખોળી કાઢવાના હેતુઓ તો એ જ રહ્યા છે જે પહેલા હતા.

આધુનિક સોસિયલ મીડિયાનું અસ્તિત્વ ન હતું ત્યારે પણ સોસિયલ મીડિયા તો હતું જ પણ એ અલગ સ્વરૂપે હતું. પ્રસંગોપાત જ્યારે જ્યારે, આપણાં સગા-વહાલા અને મિત્રોને આપણે મળતા ત્યારે અન્ય જૂના સંબંધીઓ અને મિત્રો વિષે પૂછ-પરછ કરતાં, તેમનાં ખબર-અંતર પૂછતાં. એકબીજાને પૂછીપૂછીને તેઓના સરનામા ખોળી કાઢતાં. એકવાર સંબંધી મળી જાય એ પછી સંબંધો તાજા થતાં અને પત્રો દ્વારા, ચિઠ્ઠી દ્વારા અથવા તો પ્રસંગોપાત રૂબરૂ મળીને એ સંબંધો તાજા રાખવાના પ્રયત્નો કરતાં.

આધુનિક સોસિયલ મીડિયાની ગેરહાજરીમાં જૂના સંબંધોને ખોળી કાઢવાનો બીજો એક મહત્વનો સ્રોત હતો ટેલિફોન ડિરેક્ટરી. આપણે જ્યારે જ્યારે બહારગામ જતાં ત્યારે જો આપણને એવો અંદેશો હોય કે એ ગામ કે શહેરમાં આપણાં કોઈ જૂના મિત્ર કે સંબંધી રહે છે તો ટેલિફોન ખાતા ઉપલબ્ધ ઈંક્વાયરી સેવાનો ઉપયોગ કરીને અથવા તો ટેલિફોન ડિરેક્ટરી દ્વારા નંબર શોધવા પ્રયત્ન કરતાં. એકવાર એ નંબર મળી જાય પછી ફોન દ્વારા સંપર્ક કરતાં. એકવાર સંપર્ક થાય પછી એ સંબંધો તાજા રાખવા અને સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરતાં.

દારૂ વિષે એવું કહેવાય છે કે દારૂ જેટલો જૂનો એટલી તેની કિંમત વધારે. જૂના દારૂ વિષે એવું પણ કહેવાય છે કે તેનો નશો કઈંક અલગ જ હોય છે. સંબંધોનું પણ એવું જ છે. સંબંધો પણ જેટલા જૂના એટલા જ વધારે દ્રઢ અને મજબૂત. નવા સંબંધો વિકસે. આગળ વધે અને જેમજેમ સમય વિતે એમ એ સંબંધો અનુભવોની ભઠ્ઠીમાં તવાય છે. કસોટીની એરણ પર ધડાય છે. નવા સંબધો ક્યારેક કાચા સાબિત થાય છે પણ જૂના સંબંધો તો સંઘેડા ઉતાર પાક્કા ધાટના હોય છે. જૂના દારૂની જેમ જૂના સંબંધોનો નશો પણ કઈક ઓર જ હોય છે.

આપણે જો આપણાં સૌના ભૂતકાળ ઉપર, વીતી ગયેલા વર્ષો ઉપર એક લાંબો દ્રષ્ટિપાત કરશું તો આપણને એવા સંબંધોની એક લાંબી વણઝાર દેખાશે જેને કોઈ ને કોઈ કારણસર આપણે આપણી પાછળ મૂકીને આવ્યા છીએ. ભૂતકાળમાં આપણે પાછળ છોડીને આવ્યા છીએ એવા સંબંધોની ગણતરી કરીએ તો કદાચ અધધ થઈ જવાય. નવા સંબંધો બંધાતા રહે છે અને જૂના છુટતા જાય છે. મોટાભાગે આપણને ખ્યાલ જ નથી હોતો કે કેટલા સંબંધો આપણે પાછળ છોડીને આવ્યા છીએ. એ છૂટી ગયેલા સંબંધોમાથી કેટલાયે સંબંધો તો સો ટચના સોના જેવા હશે જેને કાં તો આપણને તરાશતા નથી આવડયું ને કાં તો એ સંબંધોને પારખતા નથી આવડયું. જે હાલતમાં એ સંબંધો હતા કદાચ એ જ હાલતમા એ સંબંધોને આપણે ત્યાં જ છોડીને સમયની રફતારે આગળ નીકળી ગયા છીએ. ક્યારેક એ જૂના સંબંધોને એવું માનીને યાદ નથી કર્યા કે સંબંધો હવે કઈ કામના નથી, એ સંબંધમાં હવે કઈ દમ નથી. ક્યારેક એવું માનીને એ સંબંધોને આપણે ખોળતા નથી કે એ સંબંધીઓ આપણને ભૂલી ગયા હશે. કદાચ તેમની સ્મૃતિઓમાંથી આપણે ભુસાઈ ગયા હશું એમ માનીને વર્તમાનની પાટી ઉપર આપણે એવા નામો લખવા નથી માંગતા.

કારણ કોઈપણ હોય પણ વાસ્તવિક્તા સ્વિકારવી જ પડે કે આપણે ઘણાબધા જૂના સંબંધો ભૂલી ગયા છીએ. આપણાથી દૂર થઈ ગયા હોય એવા જૂના સંબંધો જો એકવાર શોધીએ, ખોળીએ, તાજા કરીએ, તો કદાચ એવું બને કે ધણાખરા સંબંધો આજે સવારે જ ખીલ્યા હોય એવા પુષ્પો જેવા તરોતાજા જ નીકળે. મોટાભાગે એવું જ બને કે એ સંબંધોની સુગંધ લેવાથી આપણને નવી તાજગીનો અહેસાસ થાય.

જૂના સંબંધોનો આનંદ લેવો હોય, એ સંબંધો થકી અનર્ગલ આનંદ માણવો હોય, એ સંબંધોની તાજગીનો અહેસાસ કરવો હોય તો શરત માત્ર એટલી જ છે કે એ સંબંધોને સતત ખોળતા રહેવું પડે. સાચા મોતી જેવા જૂના સંબંધો ફરી પછ પ્રાપ્ત કરવા માટે ઊંડા સમુદ્રમાં ડૂબકી મારતી રહેવી પડે. આપણી જિંદગીમાં ઉથલપાથલ કરતી રહેવી પડે. શું ખબર, જીવનના એક ખૂણામાં એકઠા કરેલા જૂના કાટમાળમાંથી પણ નવા જેવા જ તરોતાજા એવા જૂના સંબંધો મળી જાય.

# પરિવર્તન શાશ્વત હોવા છતાં સ્વીકૃત નથી થતા તેથી કષ્ટ છે



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમગ્ર દુનિયા આજે સંખ્યાબંધ પ્રશ્નો સામે ઝઝૂમી રહી છે તેમાં કોવિડની મહામારી ભારતમાં પ્રવેશી ત્યારથી પ્રજા, પ્રશાસન પદ્ધતિ બધા ત્રસ્ત થઈ ગયા છે. મહામારી કે ભૂકંપ અથવા આવી કોઈ કુદરતી આપદા કંઈ પૂછીને આવતી નથી ! વિજ્ઞાન કે આપણું જયોતિષ વગેરે કંઈ ખોટા નથી પરંતુ આવી પડતી વિપદ સ્થિતિ જીવનમાં ઘણું બધું પરિવર્તન લાવે છે અને બધા પરિવર્તનનો સુખદ જ હોય તેવું પણ નથી. એકધારુ જીવન માનવીને બધી રીતે તદ્દન સાનુકૂલ હોવા છતાં એ બદલાય જ છે. તેમાં માનવીય આયોજનની સાથે કુદરતનું આયોજન પણ કામ કરતું જ રહે છે. અર્થશાસ્ત્રી માલ્થેસીયન થિયરી મુજબ જો માનવી સ્વયં પૃથ્વી ઉપર વિચારીને ના રહે તો ઈશ્વર તેની રીતે કેટલાક પરિવર્તનો લાવે અને જનસંખ્યા પણ ઘટે એવી તેની રજૂઆછે. અવિરત વધતી વસ્તી કઈ કોઈના વિકાસને સાર્થક કરે નહીં માટે માલ્થેસિયન થિયરી સમજાવે છે કે કુદરત આબાદીને નિયંત્રિત સમયાંતરે કર્યા જ કરે છે. એક્સો વર્ષ પહેલાં મરકી નામની મહામારી આવી અને વિશ્વ લાચાર થઈ ગયું હતું સાથે જબરી જાનહાનિ થઈ હતી! ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ એ પણ આ બાબતે ઉલ્લેખ કર્યો જ છે કે જગતમાં બધુ જ પરિવર્તનશીલ છે. જે આજે છે તે ભાવિમાં નહીં જ રહે માટે પરિવર્તન અંગે વિચારવું પરંતુ અફસોસ વ્યર્થ છે પછી તેમાં કોઈ અપવાદ જેવું પણ નથી. પરિવર્તન શાશ્વત નિયમ છે છતાં આપણે મન કે દિલથી આ માટે કોઈ જ સ્વીકૃતિ આપવા તૈયાર નથી માટે દુઃખ ઊભું થાય છે. જીવન લાંબુ હોય કે ના હોય એ મોટું અને સસ્ત હોવું જોઈએ. બધો જ આધાર લોકોની સમજણ ઉપર વધુ હોય છે!

'સમજણની પેલે પારની
દુનિયા અજીબ છે
ઉપવન હતું નહીં અને રણ
પણ હતું નહીં.'

સામાજિક અંતર, માસ્ક અને સેનિટાઈઝ થવું - આ ત્રણ નિયમોનું પાલન હાલમાં પણ બહુ જ કચવાતા મનથી થઈ રહ્યું છે એ જ દુઃખદ કડવી હકિકત છે. કોરોનાથી બચવાની કાળજી લેવા અંગે બહુધા લોકો નિષ્ફળ જાય છે એટલે સંક્રમણ અટકતું નથી પછી શું કરવાનું ? સરકાર - મીડિયા કહી કહીને થાકી ગયા છતાં પાલન કરવામાં સ્થિતિ બહુ જ કંગાળ દેખાય છે. દવા તો નજીકના દિવસોમાં આવી જશે પણ વર્તમાનમાં બચાવ જેમાં છે ત્યાં કેમ ગંભીરતા નથી એ મુખ્ય ચિંતાનો વિષય છે. બચાવમાં માસ્ક પહેરવું તેમાં ગમતું નથી કારણ કે જીવનમાં આ નાનકડું પરિવર્તન છે. હળવા મળવાની ટેવ છે એટલે અંતર રાખવામાં મુશ્કેલી લાગી રહી છે. એ પણ પરિવર્તનનો હિસ્સો છે અને વારંવાર હાથ સાફ રાખવામાં યાદ રહેતું નથી. ટૂંકમાં દિનચર્યા હવે બદલાઈ ગઈ છે જે મનથી કોઈ એ જ હાલમાં મહામંત્ર હોવો જોઈએ પછઈ નવા નવા આર્થિક વિકલ્પો અને પદ્ધતિઓથી બેઠા થઈ જઈશું એ નક્કી છે.

હાલના સામાજિક જીવનની હાલત નીચેના શૅરમાં વ્યક્ત થઈ છે.

'લાંબો પથ ને રસ્તા કાચા
એક મુસાફર લાખ
લબાચા
પારંપરિક છે સૌના ઢાંચા
સૌ માને છે પોતે જ સાચા.'

જીવન જીવવા મનની મક્કમતા, સ્પષ્ટ વિચાર ને સરળતા અત્યંત આવશ્યક છે બદલાવને કહીએ કે તું આવ તારું સ્વાગત છે અહીં

'ના થકે કભી પૈર
ના કભી હિંમ્મત હારી હૈ
જજબા હૈ
પરિવર્તન કા જિંદગી મેં
ઈસલિયે સફર જારી હૈ'

પૂરા વિશ્વમાં બદલાવ આવી રહ્યો છે એટલે હવે યુદ્ધ ઘટી ગયા તો વિનાશના કારણો અને સાધનો કે માધ્યમો પણ બદલાઈ રહ્યા છે. જેમ કે એક અતિ સુક્ષ્મ વાઈરસથી વિશ્વ મોતના મુખમાં ધકેલાઈ રહ્યું છે ! બીજા શબ્દોમાં કહીએ તો હવે નવી ટેકનોલોજી અને પદ્ધતિનો આ યુગ છે ત્યાં જ્ઞાન કેળવવું જ પડશે. નાણાં અને મસલ પાવર હવે હાંસિયામાં જઈ હર્ય છે. ભારતમાં મહામારીના લીધે જે મોટી આફત થઈ રહી છે. તે આર્થિક વધુ છે. અમદાવાદના પ્રસિદ્ધ ટુરિઝમની પ્રખ્યા કંપની હાલ પોતાની વિશાળ ઓફિસમાં નમકીન વેચવા લાગી અને તેના માલિક સંદેશો પણ લોકોને આપ્યો કે તમે વિચારોથી તૂટી પડશો નહીં. નવા સમયમાં કંઈક નવું કામ કરવાનું આ એક હકારાત્મક અભિગમનું ઉમદા દૃષ્ટાંત છે. માણસ દિલથી હારી જાય તો દુનિયા કામ લાગી શકતી નથી. નબળા વિચારોથી જ વ્યક્તિ નબળી પડે છે. સરકાર શક્ય બધા પ્રયાસો કરી રહી છે. છતાં એ પર્યાપ્ત લાગે એમ માનવું એ ભૂલ કહેવાશે. આજે ઉદ્યોગ-ધંધા તૂટી ગયા છે. જોબ જઈ રહ્યા છે ત્યારે બધા એ મજબૂતી પૂર્વક આ સ્થિતિ સામે સંઘર્ષ કરવાનો છે. સરકારને નમ્ર અપીલ એ પણ છે કે બધા જ ક્ષેત્રો ખાનગીકરણથી બીજાઓને સોંપી દેશો નહીં કેમ કે આ ભારત છે અને આર્થિક અસમાનતા આભને અડી ગઈ છે !! જીવનની પ્રાથમિક જરૂરિયાતોમાં જવાબદારી જરૂર નિભાવે તો જ પ્રજા ટકી શકશે. શિક્ષણ, સુરક્ષા, આરોગ્ય અને નાણાંકીય બાબતોમાં કદી પ્રાઈવેટાઈઝેશન સુખદ નહીં બને માટે તકેદારી પૂર્વક પગલા ભરે તેવી અપીલ છે, પ્રજા સરકારની સાથે જ છે પરંતુ વિચાર્યા વિનાના જલદબાજીમાં અયોગ્ય નિર્ણયો સરકાર ના કરે એ વધુ ઉચિત કહેવાશે. ટેક્સ ભરનાર કંઈ ફટાફટ વધી જવાના નથી જયાં લોકોની આર્થિક સ્થિતિ જ પતલી થઈ ગઈ છે! ગુડ ગર્વનન્સ ને નામે હાલાકી વધે એવું હાલમાં કશું જ કરશો નહીં જમીન ઉપર જોઈને પ્રશાસન થાય તો આ પરિવર્તન સામે દેશ ટકી જશે.

**શેર આસ્વાદ :**

**ડંખે છે દિલ ને કેવી એક, અક્ષર કહ્યા વિના**
**રહી જાય જે વાત, સમયસર કહ્યા વિના** (મરિઝ)